

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*પડે છે અલગ જગથી એ - વિશ્વશાંતિ ખિન્ન છે,*
*સવાર છે જીન એના પર, સંસ્કારો દીન છે*
*છિન્ન-ભિન્ન કરવું વિશ્વને, લીન છે એ હેતુમાં -*
*વિશ્વનું સૌથી મોટું સ્વાર્થી, માત્ર ને માત્ર, ચીન છે*
*(ચીન ની આડોડાઈ)*

### હાઈકુ

*થયું જાહેર,*
*વિશ્વનું સૌથી મોટું -*
*આતંકી ચીન...*

*કર્યું રોકાણ -*
*પાકિસ્તાન ને નહીં -*
*પંપાળે સ્વાર્થ...*

### ચિંતન

**જબ તક આસ શરીર કી, નિર્ભય ભયા જ જાય,**
**કાયા, માયા, મન તજે, ચોપટ રહે બજાય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

જયાં સુધી મૃત્યુલોકના માનવીને સ્થૂળ શરીરની મમતા છે. ત્યાં સુધી તેને નિર્ભય દશા પ્રાપ્ત કરવાની જ નથી. તેને કાળનો ભય સતાવતો જ રહેશે. શરીર વિનાશને પાત્ર છે. તે રોગથી ઘેરાયેલું હશે ત્યારે તેને રોગથી બચાવવા અને મૃત્યુનાં ભયથી તે કયારેય મુક્ત થઈ શકશે નહીં. પણ કાળ કદી સમય ચૂકતો નથી. કબીર કહે છે કે મનુષ્ય જો માયા-મમતાની જાળમાંથી મુક્ત થઈ જાય તો નિર્ભય બની આ વિશ્વમાં અને આ જન્મમાં ખુશી ખુશી જીવન વ્યતીત કરી શકે.

### સુવિચાર

- આંખમાં જયારે વાસનાનો જન્મ થાય છે ત્યારે અંતરમાં ઉપાસનાનું મૃત્યુ થાય છે - **મોરારિ બાપુ**
- સદ્ગુરુ સાથે 'રિલેશન' એટલે સદ્ગતિનું 'રિઝર્વેશન' - **જનકલ્યાણ**
- આકાશને અજવાળે આદિત્ય, અંતરને અજવાળે સાહિત્ય - **અમૃતબિંદુ**
- હાય હાય કરે ત્યાં હોળી, હોય હોય કરે ત્યાં દિવાળી - **બોધિવૃક્ષ**
- મોટામાં મોટો ભિખારી એ છે કે જેની પાસે શ્રદ્ધાની મૂડી નથી - **શાંતિ સ્વરુપદાસ**
- મનના પાપ ચિંતનથી, વચનના પાપ જાપથી, અને તન ના પાપ સેવાથી દૂર થાય છે - **તુષાર શુક્લ**
- આજનું ઔષધ : એક તોલો કાળી દ્રાક્ષ, એક તોલો ધાણામાં વાટી પાણીમાં એકરસ કરીને પીવાથી પિત્તથી થતી ઉલ્ટી બંધ થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ધનવાન હતો. દાન પણ કરતો. પણ જેને દાન કરે તો તેને કહી સંભળાવતો. તે એક સંતને મળવા ગયો. સંતે મળવા આવવાનું કારણ પૂછ્યું તો પેલાએ પોતાના ઐશ્વર્યનાં ગુણગાન ગાયા. પછી પોતે કરેલા દાનની વાતો સંતને સંભળાવી. પછી તેણે એક થેલી કાઢી જેમાં રોકડા પૈસા હતા. સંતની પાસે મૂકતાં ધનવાને કહ્યું, 'મને થયું કે આપને નાણાંની તંગી રહેતી હશે. એટલે આ લાવ્યો છું. આમા પૂરી એક હજાર મહોર છે.' સંતે ધનવાનની આંખોનું અભિમાન જોઈ લીધું. સંતે થેલીને એકતરફ મૂકતાં કહ્યું, 'મારે તારા પૈસાની નહીં, તારી જરૂર છે.' ધનવાનને થયું કે સંતની આ હિંમત કે મારી આવેલી ભેટને અવગણે છે ? સંતે કહ્યું, 'કેમ તમને ખરાબ લાગ્યું ?' ધનવાને કહ્યું, 'ખરાબ તો લાગે જ ને !' આટલી મોટી રકમ જાણે યાદ રાખજો કે જે દાન સાથે દાતા પોતાની જાતને અર્પણ કરતો નથી, એ દાન માટી સમાન છે. દાનનો સાચો અર્થ છે, પોતાનું સમવિભાજન, પોતાનું ઉપયોગમાં આવે તેવું હોય એ તમે આપો એ દાન સાચું, તમે લઈ લીધેલો બીજાનો હિસ્સો મને આપો છો, એમાં અભિમાન કયાં આવે છે? આ તો એક પ્રકારની ચોરીનું પ્રાયશ્ચિત છે.'

# અસુરક્ષિત વિમાન યાત્રા સામે લાલબત્તી

**તંત્રીસ્થાનેથી...**

હવાઈ યાત્રાનો રોમાંચ ત્યારે જળવાય જયારે તે સંપૂર્ણપણે સુરક્ષિત હોય. હવાઈ યાત્રાએ વિશ્વને એક નાનકડા દેશમાં ફેરવી દીધું છે. કયારેક ભારતને શોધવા માટે કોલંબસ જીવના જોખમે સઢવાળું વહાણ લઈને સાત સમંદરની ખેપ કરવાની કીળી પડેલો.

કેટકેટલી મુશ્કેલીઓ આવી, આફતો સામે ઝઝૂમવું પડ્યું છતાં એને જે કિનારો મળ્યો તે ભારતનો સમુદ્ર કિનારો નહોતો. એ અમેરિકા હતું. પરંતુ કોલંબસે તો એને ઈંડિયા જ માની લીધું હતું. વર્ષો પછી વાસ્કો-દ-ગામાએ ભારતના કાલિકટ બંદર પર ઉતરાણ કર્યું અને એ રીતે પશ્ચિમની દરિયા પારની દુનિયા સાથે ભારતનું જોડાણ શરૂ થયું. ભૌતિક સંપદાની છોળો ઊડતી હોય ત્યારે જ્ઞાન-વિજ્ઞાન હાંસિયે ધકેલાઈ જતાં હોય છે. વિશ્વને જ્ઞાનવિજ્ઞાનનાં અજવાળાં દેખાડનાર ભારત કર્મકાંડ અને અંધશ્રદ્ધાના અંધકારમાં ધકેલાઈ ગયું અને તમામ વૈજ્ઞાનિક શોધખોળો કે જેનું પગેરું ભારતમાં મળતું હતું તેની ક્રેડિટ પશ્ચિમના ખાતે જમા થતી રહી. પહેલું વિમાન રાઈટ બ્રધર્સના નામે ચડ્યું ! જો કે ત્યારે એ માત્ર એક વૈજ્ઞાનિક સિદ્ધિ હતી. રાઈટ બ્રધર્સને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે એક દિવસ સેંકડો માણસોને હજારો ફૂટ ઊંચે આકાશમાં ઉડાડીને વિમાન ગણતરીના કલાકોમાં પૃથ્વીના એક છેડેથી બીજા છેડે પહોંચાડી શકશે. હવાઈ પ્રવાસ આપણાં છેલ્લાં સો-એક વર્ષની જ ઉપલબ્ધિ છે. વિશ્વ પુરુષ મહાત્મા ગાંધીએ કદાચ હવાઈ પ્રવાસ કર્યો જ ન હતો. એ વારંવાર બ્રિટન જતા પરંતુ આગબોટ મારફત. દક્ષિણ આફ્રિકાની અવરજવરમાં પણ ત્યારે આગબોટ જ એક માત્ર સાધન હતું. આજે આપણે છેવાડાનો માનવી પણ દેશના એક શહેરથી બીજા શહેરની મુલાકાત વિમાન પ્રવાસ દ્વારા કરતો થયો છે. મહદંશે હવાઈ પ્રવાસ સુરક્ષિત જ હોય છે. વરસના વચલા દહાડે કોઈ યાંત્રિક ખામીને કારણે અથવા વિમાન ચાલકની ભૂલથી અકસ્માત સરજાય છે ત્યારે એ કરુણાંતિકા અસહ્ય બની રહે છે. આવા હવાઈ અકસ્માતોમાં છેલ્લે ઈથોપિયાથી કેન્યા જવા ઊપડેલા બોઈંગ ૭૩૭ મૅક્સ વિમાનનો સમાવેશ થાય છે. આ જ કંપનીનું આ 'સુધારાવધારાવાળું' સુવિધાયુક્ત વિમાન ઈંડોનેશિયામાં પણ તૂટી પડ્યું હતું. આ બે અકસ્માતો પછી વિશ્વના ઘણા દેશોએ આ પ્રકારની વિમાન સેવા પર પ્રતિબંધ લાદી દીધો છે. જેમાં ભારત પણ સામેલ થયું છે. આખરે માનવીના જીવથી વધુ મૂલ્યવાન કશું હોઈ જ ના શકે. એ દષ્ટિએ આ અમેરિકન કંપનીનાં વિમાનો સામેનો વૈશ્વિક આક્રોશ વાજબી પણ છે. જો કે એથી મુસાફરોને જે હાલાકી ભોગવવી પડી છે એની પણ નોંધ લેવી જ રહી. જેટ અને સ્પાઈસ જેટ ઍરલાઈન્સ પાસે આવાં વિમાનોનો કાફલો છે. એમને ગ્રાઉન્ડેડ કરી દેવાથી એ કંપનીઓને થનાર નુકશાન કરતાં અન્ય કંપનીઓ દ્વારા રખડી પડેલા મુસાફરોને સરેઆમ લૂંટવાની બાબત વધારે ચિંતાપ્રેરક છે. માનવતાનાં મૂલ્યો નેવે મૂકી મુસાફરોની નબળી નસ દાબવાનો કે એમની મજબૂરીનો ગેરલાભ ઉઠાવવાનો વિમાની કંપનીઓનો રાક્ષસી કે પિશાચી અભિગમ કોઈ પણ સંજોગોમાં વાજબી ન જ ગણાવો જોઈએ. ખાટલે મોટી ખોડ એ છે કે સરકાર આવી કંપનીઓ સાથે આગોતરી ગોઠવણો કરી બેઠેલી છે.

# ॥ હોલિકાયૈ નમઃ ॥





અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હિરણ્યકશિપુનો અમરતાના ઓરતા જાગ્યા. એ અરણ્યમાં તપશ્ચર્યા માટે જતો રહ્યો.

એ વખતે એની રાણી સગર્ભા હતી. દેવર્ષિ નારદને ખબર પડી કે, એના ઉદરમાં જે છે, તે ભગવાન વિષ્ણુનો અંશ છે. એ રાણી પાસે આવ્યા. સમજાવી ને પોતાના આશ્રમમાં લઈ આવ્યા અને આશ્વાસન આપ્યું. 'દીકરી, મારી પાસે તું સુરક્ષિત છે. તારો પતિ પાછો ફરે, ત્યાં સુધી મારી સાથે રહે.' બંને પિતાપુત્રીનાં સ્નેહસંબંધથી રહ્યા. આ સમય દરમિયાન ગર્ભસ્થ શિશુ પ્રહલાદમાં દેવર્ષિએ વિષ્ણુભક્તિના સંસ્કાર એકદમ દઢ કરી મૂક્યા. 'હિરણ્યકશિપુ તપશ્ચર્યા પૂરી કરીને, વરદાન મેળવીને પાછા ફર્યો. દેવર્ષિએ એને રાણી હેમખેમ સોંપી દીધી.'

યોગ્ય સમયે પ્રહલાદનો જન્મ થયો. રાજા ખૂબ પ્રસન્ન હતો પરંતુ એની આ પ્રસન્નતા લાંબો સમય ન ટકી. હિરણ્યકશિપુને ભગવાન વિષ્ણુ સાથે સાથે આજન્મ વૈર હતું. પ્રહ્લાદમાં વિષ્ણુ ભક્તિ દિનપ્રતિદિન વધતી જતી હતી. રાજાએ એને સમજાવ્યો, ધમકાવ્યો. ડરાવ્યો. પણ પ્રહલાદ સહેજ પણ માન્યો નહિ. રાજાને ખાતરી ... પાછો નહિ વળે. એટલે ... જોયો. એને કોઈકને ... નાખવાની સાજીશ કર... વખતે આ ભક્તબાળ ... કોઈને આશ્ચર્ય થતું.

ઓચિંતો એકવા... આવ્યો. 'મારી બહેનને ... મદદ લઉં. એ જીવી જા... મરી જાય.' એ હોલિકા પાસ આવ્યા અન મદદ માગી. હોલિકાએ તરત જ સાથ આપવાની ના પાડી દીધી. પરંતુ રાજાના આગ્રહ પાસે ઝુકી ગઈ. ઉપાય બતાવ્યો. 'કાલે સાંજે ફાગમ સુદ પૂનમ છે. પ્રહલાદને મારી પાસે લાવજો.'

પોતાના મહેલમાં વિશાળ ચોક હતો. એમાં હોલિકાએ લાકડાં ગોઠવ્યા. રાજા પ્રહલાદને લઈને આવ્યો. પૂનમની સાંજ હતી. હોલિકાએ પ્રહલાદને ખોળામાં લીધો. રાજાએ મશાલ પ્રગટાવી અને આગ ચાંપી. એ ખુશ હતો. 'પ્રહલાદ બળી જશે, હોલિકા બહાર આવી જશે.'

હોલિકાએ સાંજનો સમય આપ્યો હતો. નહિ રાત કે નહિ દિવસ. અગ્નિની ...ી - નહિ શસ્ત્ર નહિ અસ્ત્ર, નહિ ... હોલિકા અગ્નિમાં બળી ગઈ. ... કશું ન થયું. ઉપસ્થિત લોકોએ ... જય જયકાર કર્યો.

...રથી - ...ણ સુદ પૂનમને મંદિર પાસે ... સાંજે અગ્નિ પ્રગટે એ હોલિકા - કહેવાય. આ પ્રગટાવેલી ... દક્ષિણા કરવાની, પુષ્પ, ચંદન, ધૂપ, દાપ ફળ અને નૈવેદ્ય સાથે પૂજા કરવાની. પ્રદક્ષિણા કરતી વખતે આ મંત્રનો શ્રદ્ધાથી ઉચ્ચાર કરવાનો '॥ હોલિકાયે નમઃ ॥' પ્રદક્ષિણા - પૂજા થઈ જાય પછી નજીકનાં મંદિરમાં દર્શનાર્થે જવાનું.

આમ થવાથી દેવી હોલિકાની કૃપાથી પછીનું વર્ષ સુખરુપ નિર્વિઘ્ને પસાર થાય. એવી ભાવિકોને શ્રદ્ધા છે.

એનું નામ હોલિકા હતું. એ ઋષિ કશ્યપ અને માતા દિલિની પુત્રી હતી. એ રીતે હિરણ્યકશિપુ અને હરિણ્યાક્ષની નાની બહેન હતી. પરંતુ સ્વભાવે બંને ભાઈઓથી જુદી હતી. હુમકા પ્રકૃતિની હતી. એ ભગવાન શિવની ઉપાસક હતી. શિવે એને પ્રસન્નતાથી વરદાન આપ્યું હતું. (૧) એ દિવસે નહિ મરે, રાત્રે નહિ મરે. (૨) એ શસ્ત્રથી નહિ મરે, અસ્ત્રથી નહીં મરે. (૩) એ કોઈ પણ પ્રકારની બિમારીથી નહીં મરે.

એની નજર સામે હિરણ્યાક્ષ દેવો સાથેના યુદ્ધમાં ખપી ગયો. આ જોઈને

# વિશ્વનું સૌથી લાંબુ પ્લેટફોર્મ ભારતમાં કયા આવેલું છે?

## વિશ્વની ભૂગોળ



ખજાનો
અનિલ પટેલ

૧ ગ્રેનાઈટ સીટી તરીકે ઓળખાતું એરબડીન કયા દેશમાં આવેલું છે ?
(અ) ઈંગ્લેન્ડ (બ) વેલ્સ
(ક) સ્કોટલેન્ટ (ડ) આયર્લેન્ડ

૨ બ્યૂનસ આયર્સ કયા દેશની રાજધાની છે ?
(અ) આર્જેન્ટિના (બ) ઈજપ્ત
(ક) સોમાલીયા (ડ) ઈથોપીયા

૩ વિશ્વની સૌથી ઊંડી સામુદ્રિક ખાઈ કયા મહાસાગરમાં આવેલ છે ?
(અ) એટ્લાન્ટિક (બ) પેસિફિક
(ક) રાતા સમુદ્ર (ડ) કાળો સમુદ્ર

૪ આફ્રિકા ખંડનો વિસ્તારની દષ્ટિએ સૌથી મોટો દેશ કયો છે ?
(અ) દ. આફ્રિકા (બ) સોમાલીયા
(ક) જિબૂતી (ડ) અલ્જીરીયા

૫ અબૂજા કયા દેશની રાજધાની છે?
(અ) ઝામ્બિયા (બ) ઝિમ્બાબ્વે
(ક) નાઈઝીરીયા (ડ) સ્કોટલેન્ડ

૬ યુરાલ પર્વતમાળા કયા દેશોને અલગ કરે છે?
(અ) એશિયા અને યુરોપ (બ) એશિયા અને રશિયા
(ક) રશિયા અને યુરોપ (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

૭ વિશ્વનું સૌથી લાંબુ પ્લેટફોર્મ ભારતમાં કયા આવેલું છે?
(અ) કોલકત્તા (બ) ગોરખપુર
(ક) મુંબઈ (ડ) લખનૌ

૮ એલેખઝાન્ડીયા બંદર કયા દેશમાં આવેલ છે ?
(અ) ઈટલી (બ) ઈંગ્લેન્ડ
(ક) ઈજિપ્ત (ડ) પોર્ટુગલ

૯ કચ્ચાતિવુ ટાપુ વિવાદ કયા બે દેશો વચ્ચે છે ?
(અ) ભારત-બાંગ્લાદેશ (બ) ભારત-શ્રીલંકા
(ક) શ્રીલંકા - મલેશિયા (ડ) મલેશિયા - બાંગ્લાદેશ

૧૦ કયો દેશ 'લેડી ઓફ સ્નો' તરીકે ઓળખાય છે ?
(અ) આયર્લેન્ડ (બ) સ્કોટલેન્ડ
(ક) કેનેડા (ડ) અમેરિકા

૧૧ માઉન્ટ બ્લાન્ક પર્વત કયા દેશમાં આવેલ છે ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) સ્વિત્ઝર્લેન્ડ (ડ) ઈટાલી

૧૨ હોન્સુ ટાપુ કયા દેશનો સૌથી મોટો પર્વત છે ?
(અ) ચીન (બ) જાપાન
(ક) ઉ. કોરિયા (ડ) દ. કોરિયા

૧૩ જાણીતી કીલ નહેર કયા દેશમાં આવેલ છે ?
(અ) જર્મની (બ) બેલ્જિયમ
(ક) પોર્ટુગલ (ડ) ઈટલી

૧૪ જર્મનીનું કોલોન શહેર કઈ નદી કિનારે આવેલું છે ?
(અ) ઓરીનીરો (બ) સ્વાન
(ક) ડેન્યુબ (ડ) રાઈન

૧૫ હીરા ઉદ્યોગ માટે જાણીતું સ્થળ એન્ટવર્પ કયા દેશમાં આવેલું છે. ?
(અ) લક્ઝમ્બર (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) બેલ્ઝિયમ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૫ માર્ચ : વિશ્વ ગ્રાહક અધિકાર દિન**
- સૌરાષ્ટ્રના સતિ, સંત અને શૂર ગંગાસતીનું નિધન (૧૮૯૪)
- પ્રખર ગાંધીવાદી નારાયણ દેસાઈનું નિધન (૨૦૧૫)
- ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દુનિયાની પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ (૧૮૭૭)
- રોયલ્સ રોય કાર કંપનીની સ્થાપના થઈ (૧૯૦૬)
- **૧૬ માર્ચ : રસીકરણ દિન**
- પ્રવાહી બળતણ ધરાવતા પ્રથમ રોકેટનું ઉડ્ડયન (૧૯૨૬)
- ગુજરાતના મહાકવિ ન્હાનાલાલની જન્મજયંતિ (૧૮૭૭)
- કોલેરા અને પ્લેગના રોગોની રસીના શોધક વૈજ્ઞાનિક હોફકીન્સનો જન્મદિવસ (૧૮૬૦)
- યશવંત દોશીની જન્મજયંતિ (૧૯૨૦)
- **૧૭ માર્ચ :**
- ભારતમાં આઈ.એસ.આઈ. પ્રમાણીત માર્કો અમલી બન્યો (૧૯૫૫)
- તિબેટમાં ચીન વિરુદ્ધ વિદ્રોહની શરુઆત દલાઈ લામા ભારત આવ્યા (૧૯૫૯)
- લાલી દ્વીપ પર જવાળામુખી ફાટતાં ૧૯૦૦ લોકોનો મોત (૧૯૬૩)
- ભારતીય મૂળની અવકાશયાત્રી કલ્પના ચાવલાનો જન્મદિવસ (૧૯૬૨)
- **૧૮ માર્ચ :**
- એક સપયના મશહૂર અભિનેતા શશિકપૂરનો જન્મદિવસ (૧૯૩૮)
- વડોદરા રાજયના રાજવી સયાજીરાવ ગાયકવાડની જન્મજયંતિ (૧૮૮૬)
- ડીઝલ એન્જીનના શોધક રૂડોલ્ફ ડીઝલની જન્મજયંતિ (૧૮૫૮)
- ગુજરાતી મૂળની દમદાર અભિનેત્રી રત્ના પાઠકનો જન્મદિવસ (૧૯૬૩)
- **૧૯ માર્ચ : વિશ્વ વિકલાંગ દિવસ**
- પ્રખર ગાંધીવાદી જીવનરામ કૃપલાણી (આચાર્ય કૃપાલાણી)નું નિધન (૧૯૮૨)
- મિસ ઈન્ડિયા અને બોલીવુડની હિરોઈન તનુશ્રી દત્તાનો જન્મદિવસ (૧૯૮૪)
- આફ્રિકાની અવનવી માહિતી પ્રગટ કરનાર ડેવિડ લિવીંગસ્ટનનો જન્મદિવસ (૧૮૧૩)
- ઓસ્ટ્રેલિયાનો વર્લ્ડ ફેમસ સિડની હાર્બર બ્રીજ ખુલ્લો મુકાયો. (૧૯૩૨)
- **૨૦ માર્ચ : વિશ્વ ચકલી દિવસ**
- વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટનનું નિધન (૧૭૨૭)
- પ્રસિદ્ધ સિંગર અલકા યાજ્ઞિકનો જન્મદિવસ (૧૯૬૬)
- સાહિત્યકાર વિશ્વનાથ મ. ભટ્ટનો જન્મદિવસ (૧૮૯૮)
- બોલીવુડની હિરોઈન કંગના રનૌતનો જન્મદિવસ (૧૯૮૭)
- **૨૧ માર્ચ : વિશ્વ વન દિવસ / વર્લ્ડ પોએટ્રી ડે**
- ગુજરાતના સમાજસેવિકા પુષ્પાબેન મહેતાનો જન્મદિવસ (૧૯૦૫)
- બોલીવૂડની બંગાળી બ્યુટી અને હિરોઈન રાની મુખરજીનો જન્મદિવસ (૧૯૭૮)
- શહનાઈ વાદક ઉસ્તાદ બિસ્મિલ્લાખાંની જન્મજયંતિ (૧૯૧૩)
- માનવેન્દ્ર નાયી (એમ.એન) રોયની જનમજયંતિ (૧૮૯૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**મરાઠીઓને મહત્ત્વ આપતા રાજ ઠાકરેની પાર્ટીનું નામ શું છે?**

**જવાબ : મહારાષ્ટ્ર નવનિર્માણ સેના**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ
(૭) આકાશ જી પટેલ : સે-૨૩ (૮) યશવંતકુમાર એસ પ્રજાપતી : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ચંદ્ર બાબુ નાયડુના પક્ષનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# દુઃખ પ્રભુનો અનુગ્રહ



રંગ-ઉમંગ
કાનન ઓઝા

જેમ સોનું તપે નહિં અને લોઢું ભઠ્ઠીમાં ગરમ થાય નહિ તો તેનો ઘાટ ઘડી શકાય નહિ તેવી જ રીતે સાધક સાધનાની ભઠ્ઠીમાં તપે નહિ તો તેની સાધના ફલિત થાય નહિ. આ વાત લક્ષમાં રાખીને, પોતના જીવનને, પ્રસંગોને, સંયોગોને જોવાનો દષ્ટિકોણ નક્કી કરવા જેવો છે, જીવનમાં જે જે દુઃખો, પ્રતિકૂળતાઓ આવે છે તે માણસને ઘડવા આવે છે. માટે તેવા પ્રસંગોમાં નિમિત્તને, ભાગ્ય ને કે ઈશ્વરને દોષ ન આપો, પણ તેમાં ઈશ્વરનો અનુગ્રહ, કૃપા જ જુઓ. બાળક ચોકલેટ પીપર ખાવાનની હઠ પકડે છે. ત્યારે મા કઠોર થાય છે. કારણ તે જાણે છે કે તેના બાળકને ખાંસી થઈ છે. ચોકલેટ પીપર ખાવાથી ખાંસી વધશે. માટે તે બાળકને નથી આપતી. તેનું બાળક પ્રત્યેનું વાત્સલ્ય ઓછું થયું છે. માટે તે ચોકલેટ ખાવા નથી આપતી. તેવું માનવા જેવું નથી. આની જેમ જ દુઃખો અને પ્રતિકૂળતાઓને જુઓ ખરેખર તો માણસ એવું જ વિચારવાની અને માનવાની જરૂર છે કે ઈશ્વર જે કરે છે તે તેનું ભલું કરવા જ કરે છે. જો માણસ એમ વિચારે અને માને તો ખરેખર તેનું ભલું થાય, પણ માણસ તેનાથી વિપરીત એવું માને છે કે ઈશ્વર મારી મરજી અનુસાર કરે.

ઈશ્વર માણસના સુખ-દુઃખની નહિ, જનહિતની ચિંતા કરે છે. સોરાયસીસ થયો હોય, વૈદ્ય ડૉકટરે દવા બરાબર લેવાનું અને ચરી પણ પાળવાનું કહ્યું હોય, તો તે દર્દીના હિતમાં જ કહ્યું હોય છે. દર્દી તે પ્રમાણે વર્તે તો તેનો રોગ મટે છે. અને ન વર્તે તો રોગ વકરે છે. માટે માણસ એમ જ માને કે જે પ્રભુ કરશે તે મારા હિતનું. તે નિશ્ચય બદલાય નહિ, માને હસતા મોઢે સમગ્ર પણે જે માણસ સ્વીકાર કરે છે તે પરમ આસ્તિક છે. પરમાત્માનો સ્વીકાર ભાગ પાડીને નહીં સમગ્રપણે કરો. હરસે મોઢે કરો. મીરા, ચૈતન્ય, નામદેવનાં જીવનમાં દુઃખોનાં ડુંગરો તૂટી પડ્યા હતા. તો પણ તેમને મનમાં જરાં પણ દુઃખ આણ્યું ન હતું. પણ એ દુઃખોનો સ્વીકાર હસતા મોઢે કર્યો હતો.

'વ્યક્તિ અથવા વસ્તુનો જે મૂળ ગુણધર્મ છે, તેનાથી છૂટી શકવું ભારે કઠીન કાર્ય છે. કુલીન પુરુષ ધન-ધાન્ય વગરનો થઈ જાય તો પણ પોતાના ચારિત્ર્યના ગુણો, સુશીલતા, ઉદારતા, ત્યાગશીલતા વગેરેનો પરિત્યાગ કરી શકતો નથી. જેમ કે ચંદન વૃક્ષને કાપો તો પણ પોતાનામાંથી સુગંધ છોડતું નથી. હાથી વૃદ્ધ થઈ જાય તો વિલાસ લીલાની છૂટી શકતો નથી. આમ, મૂળ ગુણ, મૌલિક ગુણ અંત સુધી સાથ છોડતો નથી.' તેથી ઉલટું માણસ નવ્વાણું વખત મીઠાશ જાળવે પણ સોમી વાર મગજ બગાડી નાખે છે.

જંગલમાં રાજા સિંહ વૃદ્ધ થયો હોય, અશક્ત બન્યો હોય, શિકાર ન મળતો હોય, છતાં તે ઘાસ ખાતો નથી. સિંહને વનનો રાજા કોણે બનાવ્યો ? પોતાની શક્તિથી જ રાજા બન્યો છે એટલેતો કોઈ સિંહને તે ફલાણા માણસ જેવો છે. તેવું નથી કહેવાતું, પણ માણસને તે સિંહ જેવો છે. એમ કહેવાય છે. કોઈ માણસ દીકરાના લગનમાં ૨૫ વાનગી બનાવીને ફુલાય તેથી તમારે દીકરાના લગનમાં ૫૦ વાનગી બનાવવાની જરૂર નથી. ૫૦ બનાવો કે ૬૦ બનાવશે. મોટાઈ માટે, યશ માટે આવા પ્રમાણોનો મા નો નહિ, પણ સૂર્ય-ચંદ્રનું પ્રમાણ માનો. સૂર્ય નિયમિત ઉગે છે. ચંદ્ર આકાશમાં આવવાનું મોડું કરતો નથી. અને તે પણ કશા યશ કે બીજી કોઈ અપેક્ષા રાખ્યા વિના તે વાત લક્ષમાં રાખો.



ગોપીઓ કૃષ્ણને કહે છે : હે કૃષ્ણ તમે એકવાર ગૌવર્ધન નામના એક નાના પર્વતને ઉઠાવી લીધો. તેથી આ લોક અને સ્વર્ગલોકમાં તમે ગૌવર્ધનધારી નામથી પ્રસિદ્ધ થઈ પૂજાવા લાગ્યાં. પરંતુ અમને એ આશ્ચર્ય થાય છે કે તમે લોકને ધારણ કરવાવાળા તમને અમે અમારા હૃદયમાં ધારણ કરી રહ્યા છે, છતાં અમે કોઈ ત્રિલોકધારી નથી કહેતું કે નથી. કોઈ અમારી પૂજા કરતું. ખરેખર તો સન્માન અને યશ તો મહાપુણ્ય અને ભાગ્યથી જ મળે છે.